# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

પરિપત્ર:

**વિષય:** ગુજરાત સ્થાપના દિવસ નિમિતે ડીજીટલ સ્પર્ધાઓનાં આયોજન બાબત

**સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦, તા:૦૧/૦૫/૨૦૨૦**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રનાં વડાશ્રીઓ, અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સિટીનાં તમામ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને જણાવવાનું કે સંદર્ભ પત્ર અનુસાર ગુજરાત સ્થાપના દિવસની ઉજવણીનાં ભાગરૂપે વૈશ્વિક મહામારી કોરોના વાઈરસ (CoVID-19) સામે દિવસ-રાત કામગીરી કરી રહેલાં કોરોના વોરિયર્સને બિરદાવવા-સન્માનવા માટે યુનિવર્સિટી કક્ષાએથી ડીઝીટલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ આ સ્પર્ધાઓમાં ભાગ લઇ શકશે.

| તમામ સ્પર્ધા માટેનો વિષય: “ ગુજરાતનાં ગૌરવ અને અસ્મિતા સ્વરૂપ કોરોના વોરિયર્સની ભૂમિકા “ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | સ્પર્ધાનું નામ | પ્રથમ ઈનામ | દ્વિતીય ઈનામ | તૃતીય ઈનામ |
| ૧ | નિબંધ સ્પર્ધા | રૂ. ૧૫,૦૦૦/- | રૂ.૧૧,૦૦૦/ | રૂ. ૫,૦૦૦/ |
| ૨ | કાવ્ય સ્પર્ધા | રૂ. ૧૫,૦૦૦/- | રૂ.૧૧,૦૦૦/ | રૂ. ૫,૦૦૦/ |
| ૩ | ચિત્ર સ્પર્ધા | રૂ. ૧૫,૦૦૦/- | રૂ.૧૧,૦૦૦/ | રૂ. ૫,૦૦૦/ |

## સ્પર્ધાનાં નિયમો:

(૧) વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લેવા માટે https://forms.gle/j2C3bGp46XhtcbWEA લિંક ઉપર પોતાનું રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન માટે અંતિમ તારીખ: ૦૭/૦૫/૨૦૨૦

(૨) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ જે એનરોલમેન્ટ નંબર ધરાવતાં હોય તે જ આ સ્પર્ધામાં ભાગ લઇ શકશે.

(૩) સ્પર્ધા સંબંધિત ધ્યાનમાં રાખવાની બાબત:

A. નિબંધ સ્પર્ધા:
- આશરે ૧૦૦૦ શબ્દોની મર્યાદામાં નિબંધ લેખન કરવાનું રહેશે.
- નિબંધ લેખન ગુજરાતી, અંગ્રેજી કે હિન્દી માધ્યમમાં કરી શકાશે.
- નિબંધ લેખનમાં સ્પર્ધકનું સ્વહસ્તાક્ષરે લખેલ મૌલિક લખાણ હોવું જોઈશે.
- નિબંધ લેખન કૃતિને શીર્ષક આપવું જરૂરી છે.
- નિબંધ લેખનની PDF ફાઈલ ઈમેઈલ ધ્વારા મોકલી આપવાની રહેશે.
- નિબંધ સ્પર્ધાનાં નિર્ણય માટે યુનિવર્સિટી પાસે સર્વ અબાધિત હક્કો રહેશે.

B. કાવ્ય સ્પર્ધા :
- કાવ્ય સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકનું પોતાનું સ્વરચિત કાવ્ય હોવું જોઈશે, અન્ય રચિત કાવ્ય હોવાનું માલુમ પડશે તો સ્પર્ધકને સ્પર્ધામાંથી દુર કરવામાં આવશે અને ઈનામને પાત્ર રહેશે નહી.
- કાવ્ય ગુજરાતી, અંગ્રેજી કે હિન્દી માધ્યમમાં લખી શકાશે.
- કાવ્ય કૃતિ ઓછામાં ઓછી ૧૦ લાઈન અને વધુમાં વધુ ૩૦ લાઈનની હોવી જોઈશે.
- કાવ્ય કૃતિને શીર્ષક આપવું જરૂરી છે.
- સ્પર્ધક ધ્વારા કાવ્ય સ્વહસ્તાક્ષરે લખી તેની શાબ્દિક PDF ફાઈલ અને કાવ્ય પઠનનો વિડીયો ફરજીયાત મોકલવાનો રહેશે. વિડીયોની સાઈઝ ૨૦ MB થી વધુની ના હોવી જોઈએ.
- કાવ્ય સ્પર્ધાનાં નિર્ણય માટે યુનિવર્સિટી પાસે સર્વ અબાધિત હક્કો રહેશે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

C. ચિત્ર સ્પર્ધા:

- સ્પર્ધકનું પોતાનું મૌલિક ચિત્ર હોવું જોઈશે. અન્યનું ચિત્ર હોવાનું માલુમ થતાં સ્પર્ધામાંથી દુર કરવામાં આવશે અને ઈનામને પાત્ર રહેશે નહી.
- ચિત્ર માટે નિયત સાઈઝ A૩ અથવા A૪ પેપર સાઈઝ રાખવામાં આવેલ છે.
- ચિત્ર સ્પર્ધામાં અડધું ચિત્ર દોરાઈ જાય ત્યારનો ફોટો અને સંપૂર્ણ ચિત્ર દોરાઈ જાય ત્યારનો એક ફોટો મોકલવાનો રહેશે.
- ચિત્ર સ્પર્ધા માટે સ્પર્ધક કોઈપણ કલરનો ઉપયોગ કરી શકશે.
- ચિત્ર સ્પર્ધામાં યુનિવર્સિટી ધ્વારા જરૂર જણાયે ખરાઈ કરવામાં આવશે તે માટે તમામ સ્પર્ધકને બંધનકર્તા રહેશે.

(૪) સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓએ પોતાનું રજીસ્ટ્રેશન કર્યા બાદ તા: ૧૦/૦૫/૨૦૨૦ સુધીમાં પોતાની કૃતિ online@bknmu.edu.in ઈ-મેઈલ આઈડી ઉપર મોકલવાનું રહેશે.

(૫) **સ્પર્ધક વિદ્યાર્થી પોતાની કૃતિનો ઈ-મેઈલ કરે ત્યારે વિષયમાં અને ફાઈલમાં સ્પર્ધાનું નામ, વિદ્યાર્થીનું નામ લખવું જરૂરી છે.**

(૬) દરેક સ્પર્ધકે આ ડીજીટલ સ્પર્ધામાં Copy Right નું ભંગ ના થાય તે માટે તકેદારી રાખવાની જવાબદારી સ્પર્ધકની પોતાની રહેશે.

(૭) સ્પર્ધા અંગે તમામ હક્કો ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીને આધિન રહેશે.

(૮) તમામ સ્પર્ધા અંગે કોઈપણ પ્રકારનાં વાદ-વિવાદ માટે જે-તે સ્પર્ધાનાં નિર્ણાયકોએ લીધેલા નિર્ણયો અને ડીજીટલ સ્પર્ધા કમિટીનાં નિર્ણયો દરેક સ્પર્ધકને માટે આખરી અને બંધનકર્તા રહેશે.

(૯) સ્પર્ધાનું પરિણામ યુનિવર્સિટી વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવશે.

નોંધ: **યુનિવર્સિટી ધ્વારા ડીજીટલ સ્પર્ધાઓનાં નિયમન/સંચાલન માટે એક કમિટીનું ગઠન કરેલ છે. ડીજીટલ સ્પર્ધાઓ અંગે કોઈ વિશેષ માહિતી કે માર્ગદર્શન માટે કમિટીનાં સભ્યશ્રીઓનો સંપર્ક કરી શકાશે.**

| ક્રમ | કમિટી સભ્યશ્રીઓનાં નામ | સ્પર્ધાનું નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|
| ૧. | ડૉ. ઋષિરાજ ઉપાધ્યાય | નિબંધ સ્પર્ધા | ૮૧૫૫૦૫૮૦૦૧ |
| ૨. | ડૉ. અનિતાબા ગોહિલ | ચિત્ર સ્પર્ધા | ૯૨૬૫૩૫૮૪૩૫ |
| ૩. | ડૉ. રમેશભાઈ મહેતા | કાવ્ય સ્પર્ધા | ૯૬૦૧૧૦૯૬૯૬ |
| ૪. | ડૉ. ઓમ જોષી | ટેકનીકલ સપોર્ટ | ૮૭૮૦૦૭૧૮૨૩ |

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી તમામ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો આ સ્પર્ધામાં ડીજીટલ માધ્યમથી ભાગ લેવા પ્રેરાય તે માટે આચાર્યશ્રીઓ, અધ્યક્ષશ્રીઓ તથા સંબંધિતોને અનુરોધ કરે છે અને તમામ સ્પર્ધકને શુભેચ્છાઓ પાઠવે છે.

કા.કુલસચિવ

નં. : બીકેએનએમયુ/રજી./૨૩૫/૨૦૨૦
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ. તા. ૦૪/૦૫/૨૦૨૦

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન સંસ્થાઓ તથા તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનો તરફ...

**નકલ સાદર રવાના :–** માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ...

**નકલ રવાના જરૂરી કાર્યવાહી અર્થે :–** આઈટી સેલ

**By Mail**

ક્રમાંક :- મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦/
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી ની કચેરી,
બ્લોક નં. ૧૨/૨, ડૉ જે.એમ. ભવન,
ગુ.રા. ગાંધીનગર.
તા. ૦૧/૦૫/૨૦૨૦.

વિષય :- ગુજરાત સ્થાપના દિન નિમિતે યુનિવર્સીટી કક્ષાએ ડિજીટલ સ્પર્ધાઓના આયોજન બાબત.
સંદર્ભ :- અત્રેની કચેરી નો તા.૩૦/૦૫/૨૦૨૦ ના પત્ર ક્રમાંક :- મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦/૫૬૨૪-૬૦૮૮.

પરિપત્ર :-

ઉપરોક્ત વંચાણે લીધા પત્ર અનુસાર ૧ લી મે, ગુજરાતના સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે વંચાણે લીધા પત્રમાં દર્શાવેલ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધા પ્રથમ સંસ્થા કક્ષાએ યોજવાની હતી પરંતુ હવે આ સ્પર્ધા યુનિવર્સીટી કક્ષાએ યોજવાની રહેશે. આ સ્પર્ધામાં અગાઉ દર્શાવેલ ઈનામી રકમ ના સ્થાને પ્રથમ નંબર ને રૂપિયા 15000 બીજા નંબર ને રૂપિયા 11000 અને ત્રીજા નંબર ને રૂપિયા 5000 નું ઇનામ મળશે. આ સ્પર્ધાના આયોજન માટેના નિયમો નીચે મુજબ છે જે ધ્યાને લેવાના રહેશે.

સ્પર્ધાના નિયમો :-

૧. સૌ પહેલા વિદ્યાર્થીએ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
૨. રજિસ્ટ્રેશનના બીજે જ દિવસે આ સ્પર્ધાનું આયોજન ઓનલાઈન કરવાનું રહેશે.
૩.આ સમગ્ર પ્રક્રિયા સાત દિવસમાં પુરી કરવાની રહેશે .
૪. દરેક યુનિવર્સિટી ના રજિસ્ટ્રારશ્રી દ્વારા સમગ્ર પ્રક્રિયાનું સંકલન કરવમાં આવશે.

નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા. ગાંધીનગર

પ્રતિ,
૧. રજીસ્ટ્રારશ્રી, સરકારી યુનિવર્સીટીઓ તમામ.
૨. આચાર્યશ્રી, સરકારી યુનિવર્સીટી સલગ્ન તમામ સરકારી/બિનસરકારી અનુદાનિત/સ્વનિર્ભર કોલેજો (અમલીકરણ અર્થે).

નકલ સવિનય જાણ સારૂ રવાના :-
- માન. ઉપસચિવશ્રી (ખ-શાખા), શિક્ષણ વિભાગ, ગુ.રા. ગાંધીનગર તરફ.

**By Mail**

ક્રમાંક :- મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦/
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી ની કચેરી,
બ્લોક નં. ૧૨/૨, ડૉ જે.એમ. ભવન,
ગુ.રા. ગાંધીનગર.
તા. ૦૧/૦૫/૨૦૨૦.

વિષય :- ગુજરાત સ્થાપના દિન નિમિતે યુનિવર્સીટી કક્ષાએ ડિજીટલ સ્પર્ધાઓના આયોજન બાબત.

વંચાણે લીધા :- (૧) અત્રેની કચેરી નો તા.૩૦/૦૪/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંક :- મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦/૫૬૨૪-૬૦૮૮.
(૨) અત્રેની કચેરી નો તા. ૦૧/૦૫/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંક :- મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦.

**પરિપત્ર :-**

આપણે સૌ જાણીએ છીએ તેમ ૧લી મે એટલે ગુજરાતમાં કે ગુજરાતની બહાર વસતા દરેક ગુજરાતી માટે અનોખો દિવસ એટલે ગુજરાતનો સ્થાપના દિવસ.

દર વર્ષે ૧લી મે નાં રોજ ગુજરાત સ્થાપનાદિનની ઉજવણી જુદી જુદી રીતે સંસ્થાઓ અને સરકાર દ્વારા કરવામાં આવે છે. પરંતુ ચાલુ વર્ષે આપ સૌ સુવિદિત છો તેમ ગુજરાત, દેશ અને સમગ્ર વિશ્વમાં કોવિડ-૧૯ એટલે કોરોના વાઈરસ એક મહામારી સ્વરૂપે ફેલાયેલ છે. પરિણામ સ્વરૂપ તેની સામે રક્ષણ માટે સરકાર દ્વારા વિવિધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. જેના ભાગ રૂપે ૨૩ માર્ચ થી સમગ્ર રાજ્યમાં લોકડાઉન જાહેર કરેલ છે. જેના ભાગરૂપે સમગ્ર ગુજરાતે આ પગલા આવકારી તેનો અમલ કરેલ છે. દરમ્યાન કોરોના વાઈરસ સામે વૉરિયર્સ બનીને ગુજરાતી યોદ્ધાઓ ગુજરાતના દરેક ગુજરાતી માટે દિવસ-રાત કામ કરી રહ્યા છે. આવી પરિસ્થિતી નિર્માણ થયેલ હોય ગુજરાતના સ્થાપનાદિનની ઉજવણી આપણા કોરોના વૉરિયર્સની કામગીરીને બિરદાવવાના ભાગરૂપે અનોખી રીતે કરવાની થાય છે. આપણે ટેક્નોલોજી નો ઉપયોગ કરીને ઓનલાઈન ડીજીટલ સ્પર્ધાઓ કરાવી આપણા આ યોદ્ધાઓને સન્માનીએ તે માટે ડીજીટલ નિબંધ સ્પર્ધા, કાવ્ય સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાઓનું આયોજન કરીને ૧લી મે એટલે ગુજરાત સ્થાપનાદિનની ઉજવણી કરીએ.

ઉપરોક્ત વંચાણે લીધા અત્રેની કચેરીના તા.૩૦/૦૪/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંક :- મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦/૫૬૨૪-૬૦૮૮ પરિપત્ર અને અત્રેની કચેરીના તા.૩૦/૦૪/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંક :- મકમ/સ્થાપના દિવસ/૨૦૨૦ અનુસાર આ ઉજવણીના ભાગ રૂપે યોજાનાર ઉપરોક્ત સ્પર્ધાઓમાં વિષય વસ્તુ "ગુજરાતના ગૌરવ અને અસ્મિતા સ્વરૂપ કોરોના વૉરિયર્સની ભુમિકા" રહેશે. આ સ્પર્ધાનું આયોજન યુનિવર્સીટી કક્ષાએ કરવાનું રહેશે. યુનિવર્સીટી કક્ષાએ સ્પર્ધા દીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ જાહેર કરવાના રહેશે. આ સ્પર્ધા માટેના નિયમો નીચે મુજબના રહેશે.

**<u>સ્પર્ધાનાં નિયમો :-</u>**

૧. યુનિવર્સીટીએ આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા તમામ વિદ્યાર્થીઓનું સૌ પહેલા રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

૨. રજીસ્ટ્રેશન કર્યાના બીજા જ દિવસે સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

૩. આ સ્પર્ધાઓ એક સપ્તાહમાં પુર્ણ કરી ઈ-અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવાનો રહેશે.

૪. યુનિવર્સીટી કક્ષાએ સ્પર્ધા દીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય અનુક્રમે રૂ.૧૫૦૦૦/-, રૂ.૧૧૦૦૦ તથા રૂ.૫૦૦૦/- આપવાના રહેશે.

૫. યુનિવર્સીટી કક્ષાએ આ સ્પર્ધાનું સંકલન દરેક યુનિવર્સીટીના રજિસ્ટ્રારશ્રી દ્વારા કરવામાં આવશે.

નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા. ગાંધીનગર

**<u>પ્રતિ,</u>**

૧. રજીસ્ટ્રારશ્રી, સરકારી યુનિવર્સીટીઓ તમામ.

૨. આચાર્યશ્રી, સરકારી યુનિવર્સીટી સલગ્ન તમામ સરકારી/બિનસરકારી અનુદાનિત/સ્વનિર્ભર કોલેજો (અમલીકરણ અર્થે).

**<u>નકલ સવિનય જાણ સારૂ રવાના :-</u>**

- માન. ઉપસચિવશ્રી (ખ-શાખા), શિક્ષણ વિભાગ, ગુ.રા. ગાંધીનગર તરફ.